# રાજકોટ મહાનગરપાલિકા
## પ્રાણીસંગ્રહાલય શાખા
## ટેન્ડર નં. રા.મ.ન.પા/ઝુ/ક્યુ/૨૦૨૩૨૪/૦૪

## રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે સોવેનીયર શોપનું સંચાલન કરવા રેટ કોન્ટ્રાકટ કરવાનાં કામનું ટેન્ડર (પાંચમો પ્રયત્ન)

| | | |
|---|---|---|
| ૧ | ટેન્ડર ફી (પરત મળવાપાત્ર નથી) | રૂ.૭૫૦/- |
| ૨ | અર્નેસ્ટમની ડીપોઝીટ | રૂ.૨૮૫૦/- |
| ૩ | ટેન્ડર વેચાણ/ ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | તા.૨૭-૦૬-૨૩ |
| ૪ | ટેન્ડર પહોંચતુ કરવાની છેલ્લી તારીખ | તા.૦૫-૦૭-૨૩ |
| ૫ | પ્રિ-બીડ મીટીંગની સંભવિત તારીખ, સમય તથા સ્થળ | તા.૨૧-૦૬-૨૩, ૧૧.૦૦ કલાકે નાયબ કમિશ્નર (પૂ.ઝો.)ની કચેરી |
| ૬ | ટેન્ડર (ટેન્ડર ફી, અર્નેસ્ટમની ડીપોઝીટ તથા અન્ય કાગળો) મોકલવાનું સ્થળ | સીલબંધ કવરમાં ઝૂસુપ્રિંટેંડેંટશ્રી, રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે ફક્ત રજી.પોસ્ટ મારફત મોકલવા. |
| ૭ | ટેક્નીકલ બીડ ખોલવાની તારીખ | તા.૦૬-૦૭-૨૩, ૧૧.૦૦ કલાકે |
| ૮ | વેરીફીકેશન ઓફ ટેક્નીકલ બીડ તારીખ | તા.૦૬-૦૭-૨૩, ૧૨.૦૦ કલાકે |
| ૯ | પ્રાઇઝ બીડ ખોલવાની સંભવીત તારીખ | તા.૦૭-૦૭-૨૩, ૧૧.૦૦ કલાકે |
| | વધુ જાણકારી માટે www.rmc.gov.in વેબસાઇટનો સંપર્ક કરો | |

**ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટ**
**રાજકોટ પ્રાણીસંગ્રહાલય,**
**માર્કેટીંગ યાર્ડ પાસે,**
**રાજકોટ – ૩૬૦ ૦૦૩**

**બીડરની સહી**

# બીડર, ટેન્ડર ફી તથા ઇ.એમ.ડી.ની વિગત

ટેન્ડર અનુ.નંબર:-............................................................

એજન્સીનું પુરૂ નામ તથા સરનામુ:-.....................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................
..........................................................................................

**ફોટોગ્રાફ અહીં ચોંટાડવો**

(૧) ટેન્ડર ફી (નોન રીફંડેબલ) નેશનલાઇઝ્ડ બેંકનો ડી.ડી./ચેક રૂ.૭૫૦/-
નં............. તા............. બેંક:-.................................................................નો રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં રજુ કરેલ છે.

(૨) અર્નેસ્ટમની ડીપોઝીટ નેશનલાઇઝ્ડ બેંકનો ડી.ડી./ચેક રૂ.૨૮૫૦/-
નં............. તા............. બેંક:-.................................................................નો રાજકોટ મહાનગરપાલિકાની તરફેણમાં રજુ કરેલ છે.

**બીડરની સહી**

**સોવેનીયર શોપનાં સંચાલન માટેની કંપની/એસોશીએશન/એજન્સી/પેઢી કે જેમાં એક વ્યક્તિ કે વધુ વ્યક્તિઓની સંસ્થા બનાવી હોય તેમણે પુરી પાડવાની માહિતી અંગેની વિગત**

૧. પેઢી/કંપનીનું પુરૂ નામ:- ..................................................................
ફોનનંબર:- ....................................................................
મોબાઈલ નં.:- ....................................................................

૨. પેઢીનું પુરૂ સરનામુ:- ..................................................................
....................................................................
....................................................................

૩. સંચાલકનું પુરૂ નામ:- ....................................................................

૪. સંચાલકનું પુરૂ સરનામુ:- ....................................................................
....................................................................
....................................................................

ફોનનં.(ઘર):- ........................... ઓફીસ:-........................... મોબાઈલ:-...................

૫. ભાગીદારોનાં નામ-રહેઠાણનું પુરૂ સરનામુ (૧) ..........................................................
..........................................................................................................
(ભાગીદારી પેઢીનાં કિસ્સામાં) (૨) ..............................................................
..........................................................................................................

૬. વ્યવસાયવેરા રજીસ્ટ્રેશન નંબર – તારીખ:- ..................................................................

૭. જી.એસ.ટી.ની વિગત: .........................................................................................

૭. રાજકોટ મહાનગરપાલિકા સાથે પત્રવ્યવહાર વિગેરે માટે ઓથોરાઈઝડ પ્રતિનિધિનું નામ, સરનામુ તથા મોબાઈલ નંબર:- ..............................................................................................
..........................................................................................................
..........................................................................................................

**બીડરની સહી**

## -: રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે સોવેનીયર શોપનું સંચાલન કરવા માટેનાં ટેન્ડરની શરતો :-

### ❖ સામાન્ય શરતો:-

1. સોવીનીયર શોપનાં રેટ કોન્ટ્રાકટનો ઈજારો ૦૨(બે) વર્ષનાં સમયગાળા માટેનો રહેશે અને ૦૨ (બે) વર્ષ માટેની જ ઓફર સ્વીકારવામાં આવશે.
2. બીડરે ભાવો બિનશરતી ભરવાના રહેશે. કોઈપણ જાતનાં શરતી માંગણીનાં ટેન્ડર સ્વિકારવામાં આવશે નહિ તથા ભાવો સ્પષ્ટ અક્ષરે ભરવાનાં રહેશે. ભાવો અંકમાં અને શબ્દોમાં ભરવાનાં રહેશે.
3. બીડરે ટેન્ડર ભરતી વખતે ટેન્ડર ફી તરીકે રૂ.૭૫૦/- અંકેરૂપિયા સાતસો પચાસ પુરાનો નેશનલાઇઝ્ડ બેંકનો ડી.ડી./ચેક "રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન"નાં નામનો ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાનો રહેશે. સદરહુ પુરી રકમનો ડી.ડી./ચેક રજુ કર્યા સિવાયનાં ટેન્ડર અમાન્ય ગણાશે. ટેન્ડર ફી પરત મળવાપાત્ર નથી.
4. બીડરે ટેન્ડર ભરતી વખતે અર્નેસ્ટમની ડીપોઝીટ તરીકે રૂ.૨૮૫૦/- અંકેરૂપિયા બે હજાર આંઠસો પચાસ પુરાનો નેશનલાઇઝ્ડ બેંકનો ડી.ડી./ચેક "રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન"નાં નામનો ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાનો રહેશે. સદરહુ પુરી રકમનો ડી.ડી./ચેક રજુ કર્યા સિવાયનાં ટેન્ડર અમાન્ય ગણાશે. જે માંગણીદારનાં ભાવ મંજુર કરવામાં આવશે તે માંગણીદારનાં કિસ્સામાં ડી.ડી./ચેક દ્વારા ભરપાઈ કરેલ અર્નેસ્ટમની ડિપોઝીટની રકમ રૂ.૨૮૫૦/- ઈજારાદારની અનામત પેટે જમા લેવામાં આવશે. જયારે અન્ય અસફળ માંગણીદારનાં કિસ્સામાં તેમણે અર્નેસ્ટમની ડીપોઝીટ પેટે રજુ કરેલ રકમ રૂ.૨૮૫૦/- પરત કરવા માંગણી મળ્યે કાર્યવાહી કરવામાં આવશે.
5. આ કામે પ્રિ-બીડ મીટીંગની સંભવીત તારીખ  સમય તથા સ્થળ ટેન્ડરનાં માઇલસ્ટોન મુજબ રહેશે. પરંતુ સંજોગોવશાત માઇલસ્ટોન મુજબ પ્રિ-બીડ મીટીંગનું આયોજન શક્ય નહીં થાય તો પ્રિ-બીડ મીટીંગની તારીખસમય તથા સ્થળમાં ફેરફાર કરી શકાશે. જે માટે પ્રિ-બીડ મીટીંગ પહેલા ઝૂ સુપ્રિ.શ્રીનો સંપર્ક કરી શકાશે.
6. ભાવ મંજુર થયે બીડરે કામગીરીનાં બંને વર્ષોની કુલ કિંમતનાં ૦૫% (પાંચ ટકા) મુજબ સીક્યુરીટી ડીપોઝીટ ભરવાની રહેશે. સીક્યુરીટી ડીપોઝીટની રકમ રોકડ , ચેક કે ડી.ડી.થી ભર્યાનાં કિસ્સામાં રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી શાખામાં રકમ ભર્યા બદલની અસલ પહોંચ રજુ કરી રૂ.૩૦૦/-નાં સ્ટેમ્પ પેપર પર કરારનામુ કરી આપવાનું રહેશે.
7. બીડર દ્વારા એફ.ડી.આર.નાં કિસ્સામાં રાજકોટ ખાતેની નેશનલાઇઝ્ડ/શેડ્યુલ્ડ બેંકની રાજકોટ મહાનગરપાલિકા તથા બીડરનાં સંયુક્ત નામની એફ.ડી.આર. કઢાવી પાછળ રેવન્યુ સ્ટેમ્પ લગાવી તેનાં પર કોન્ટ્રાકટરશ્રીએ સહી કરી રાજકોટ ઝૂલોજીકલ પાર્કમાં નિયત સમયમાં રજુ કરવાની રહેશે. ફીક્સ્ડ ડીપોઝીટ રીસીપ્ટનાં માધ્યમથી ભરવાનાં કિસ્સામાં સીક્યુરીટી ડીપોઝીટનાં ૪.૯૦% પ્રમાણેનાં સ્ટેમ્પ પેપર પર કરારનામુ કરવાનું રહેશે. સ્ટેમ્પ અને નોંધણી વિભાગ દ્વારા સ્ટેમ્પ ડ્યુટીમાં ફેરફાર થશે તો તે આપોઆપ બીડરને લાગુ પડશે.
8. નિયત સમય મર્યાદામાં સીક્યોરીટી ડીપોઝીટની ભરપાય કે કરારનામું કરી જવામાં નહિ આવે તો, અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે. તથા અન્ય બિડરને કોન્ટ્રાક્ટ આપી શકાશે.
9. ટેન્ડરમાં ટેક્નીકલ બીડ અને પ્રાઇઝ બીડ બન્ને અલગ અલગ સીલબંધ કવરમાં રાખી મુખ્ય એક સીલબંધ કવરમાં નિયત તારીખ તથા સમય દરમિયાન ઝૂ સુપ્રિ.શ્રી, રાજકોટ પ્રાણીઉદ્યાન કચેરી ખાતે ફક્ત રજી. પોસ્ટ મારફત પહોંચાડવાનું રહેશે. નિયત સમય કરતાં મોડા મળેલ ટેન્ડર ધ્યાનમાં લેવામાં આવશે નહી.
10. ટેક્નીકલ બીડમાં ક્વોલીફાય થયેલ બીડરનાં જ પ્રાઇઝ બીડ ખોલવામાં આવશે.
11. જે બીડરનાં ઈજારાનાં ભાવ મંજુર થશે તે બીડરે વર્કઓર્ડર આપ્યાના દિવસ-૧૫માં સોવીનીયર શોપ ચાલુ કરવાની રહેશે તથા સોવીનીયર શોપ જે તારીખથી ચાલુ કરવાનાં હોય તેની જાણ ઝૂ ઓફીસને કરવાની રહેશે.
12. બીડરે ટેન્ડરમાં ભરવાનાં થતા ભાવ પ્રથમ એક વર્ષ માટેનાં ભરવાનાં રહેશે.
13. વર્કઓર્ડર આપ્યાનાં ૧૫ (પંદર) દિવસમાં સોવીનીયર શોપ ચાલુ કરતા પહેલા તેમાં જણાવેલી પ્રથમ વર્ષની રકમનાં ચાર સરખા ભાગ કરતાં પ્રથમ હપ્તાની રકમ "રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન"( Payable at Rajkot)ની તરફેણમાં નેશનલાઇઝ્ડ બેંકનો ચેક આપવાનો રહેશે. ત્યારબાદ બાકીનાં સમયગાળા માટે ત્રિ-માસિક ભાડા પેટે એડવાન્સમાં ડ્યુ

ડેટનાં કુલ- ૦૭ (સાત) ચેક ઝૂ કચેરી ખાતે જમા કરાવવાનાં રહેશે. તમામ ચેક જમા કરાવ્યા પછી જ સોવીનીયર શોપ ચાલુ કરી શકાશે.

14. સોવીનીયર શોપ ચલાવવાનો પરવાનો વર્કઓર્ડર આપ્યાની તારીખથી ૦૨ (બે) વર્ષ માટે આપવામાં આવશે. જો અનિવાર્ય સંજોગોમાં મુદત વધારવાની થાય તો બીડરે તુરંત **અગાઉનાં વર્ષનાં ભાડાથી ૧૦% વધારે** ભાડુ આપવાનું રહેશે.
15. સોવેનીયર શોપની માપ સાઇઝ લંબાઇ ૦૫ મીટર, પહોળાઇ ૦૪ મીટરનાં રૂમ સ્વરૂપે આપવામાં આવશે. જેમાં ફક્ત લાઈટ કનેક્શનની જ સગવડ આપવામાં આવશે. તેમાં પ્રાથમિક જરૂરિયાત મુજબનું અંદરનું ફર્નીચર રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરી આપેલ છે. વધુ જરૂરીયાતનાં સાધનો જે તે રેટ કોન્ટ્રાક્ટ રાખનાર કોન્ટ્રાકટરે લઈ આવવાનાં રહેશે.
16. સોવીનીયર શોપ ખાતે વીજળી વપરાશ માટે સબમીટર મુકવામાં આવેલ છે અને વીજળીનો જે કાંઈ વપરાશ કરવામાં આવશે તે પ્રતિ યુનિટ વીજ વપરાશના બીલો જે તે કોન્ટ્રાકટરે ભરવાનાં રહેશે.
17. સોવીનીયર શોપ ખાતે મુકવામાં આવેલ સબમીટરમાં નોંધાયેલ વીજવપરાશનાં યુનિટ મુજબ વીજબીલની ગણતરી ઝૂ ઓફિસ દ્વારા કરવામાં આવશે અને કોન્ટ્રાકટરે આ બીલની રકમ રાજકોટ મહાનગરપાલિકાની હિસાબી શાખામાં વીજ બીલ મળ્યે મોડામાં મોડા ૧૦ દિવસમાં ભરપાઈ કરી ભરેલ બીલની રસીદ તુરંત ઝૂ સુપ્રિન્ટેન્ડેન્ટશ્રી, રાજકોટ પ્રાણીઉદ્યાન, રાજકોટને નિયમિત રજુ કરવાની રહેશે.
18. વીજળી વપરાશનાં બીલો ઈજારાદારે બીલની મુદત હરોળમાં ભરપાઈ કરવાનાં રહેશે. સદરહુ બીલ ભરવામાં કસુર થયેથી બીલની રકમ તેમની ડિપોઝીટ રકમમાંથી ભરપાઈ કરવામાં આવશે તથા કસુર થયેથી વીજળી સપ્લાય કાપી નાખવામાં આવશે તથા વિજ જોડાણ બાબતે કોન્ટ્રાકટર ગેરરીતી આચરશે તો તેની રકમ ઈજારાદાર પાસેથી વસુલ કરવા રાજકોટ મહાનગરપાલિકાને પુરતો હક રહેશે.
19. સગીરવયનાં માંગણીદારનું ટેન્ડર સ્વીકારવામાં આવશે નહી, શંકાસ્પદ વ્યકિતનાં કિસ્સામાં ઉંમરનું પ્રમાણપત્ર માગ્યેથી રજુ કરવાનુ રહેશે.
20. કોઈપણ જાતનાં ઘોંઘાટ થાય તેવા રેડીયો, ટી.વી. કે અન્ય સાધનો વગાડી શકાશે નહિ.
21. સોવીનીયર શોપ ખાતે વધુમાં વધુ ત્રણ વ્યકિત કામ કરી શકશે તથા કામ કરતા દરેક વ્યકિત માટે ફોટોગ્રાફ સાથેનું ઓળખપત્ર ઝૂ કચેરી ખાતેથી મેળવવાનું રહેશે.
22. સોવીનીયર શોપને કોઈપણ જાતનું નુકસાન ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે. જો ઈજારાદાર તરફથી સોવીનીયર શોપમાં કોઈપણ જાતનું નુકસાન થયેલુ જણાશે તો તે સમારકામ માટેની રકમ ઈજારો રાખનાર આસામી પાસેથી વસુલ કરવામાં આવશે.
23. સોવીનીયર શોપ ખાતે વેંચાણ માટે લાવવામાં આવતી ચીજ વસ્તુઓ સિક્યુરીટી પોંઈટ પર તપાસ થયા બાદ જ પ્રવેશ મેળવવા પાત્ર થશે.
24. કોન્ટ્રાકટરે રાજકોટ મહાનગરપાલિકા, વનવિભાગ , ગુજરાત રાજ્ય તથા સેન્ટ્રલ ઝૂ ઓથોરીટી, ન્યુ દિલ્હીનાં વખતો વખતનાં નિયમોનું પાલન કરવાનુ રહેશે.
25. સોવીનીયર શોપનો કબજો લેતી વખતે સોવીનીયર શોપની અંદરનાં તથા આજુબાજુનાં વિસ્તાર તપાસી, ઈજારાદારે તેનો કબજો લેવાનો રહેશે તેમજ જયારે સોવીનીયર શોપનો કબજો પરત આપવામાં આવે ત્યારે બીલ્ડીંગ તેમજ આજુબાજુનો વિસ્તાર મુળ સ્થિતીમાં તૈયાર કરી પરત આપવાનો રહેશે.
26. કોન્ટ્રાકટરનું કામ જણાવેલ સમયગાળા દરમ્યાન સંતોષકારક જણાશે તો ઈજારાની મુદત પુરી થયે કોન્ટ્રાકટર દ્વારા સિક્યુરીટી ડીપોઝીટ પરત કરવા માટેની માંગણી રજૂ કર્યા બાદ સીક્યુરીટી ડિપોઝીટની રકમ પરત આપવાની કાર્યવાહી કરવામાં આવશે.
27. કોન્ટ્રાકટરે તેમના કર્મચારીઓને સ્વચ્છ નિયત યુનિફોર્મ તથા ઓળખપત્ર આપવાના રહેશે.
28. સગીરવયનાને કાયદા મુજબ નોકરીએ રાખી શકાશે નહી.
29. રાજકોટ મહાનગરપાલિકાનાં કોઈપણ અધિકારી સોવીનીયર શોપનું ચેકીંગ કરી શકશે અને સલાહ સુચન આપી શકશે. જેનો અમલ કોન્ટ્રાકટરે કરવાનો રહેશે.
30. કોઈપણ કારણ જણાવ્યા સિવાય કોઈપણ એક ટેન્ડર મંજુર કરવું કે નહિ અથવા તમામ ટેન્ડરો રદ કરવા અંગેની સતા મા.કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાની અબાધિત રહેશે.

**બીડરની સહી**

31. સોવીનીયર શોપ પર સંચાલક / કોઈ જવાબદાર વ્યકિતએ હાજર રહેવાનું રહેશે.
32. કોન્ટ્રાકટર સોવીનીયર શોપનું સંચાલન મુદત દરમ્યાન છોડી જતા રહેશે કે સોવીનીયર શોપ બંધ રાખશે તો રાજકોટ મહાનગરપાલિકા રેટ કોન્ટ્રાકટની રકમ અને સી.ડી.ની રકમ જપ્ત કરી કોન્ટ્રાકટ રદ કરી શકશે. સોવીનીયર શોપ સંચાલન માટે અન્ય કોન્ટ્રાકટરને કોન્ટ્રાકટ આપી સોવીનીયર શોપ ચાલુ કરી શકશે.
33. ટેન્ડર ખોલ્યા બાદ ૧૨૦ દિવસ સુધી ટેન્ડર માન્ય રહેશે.
34. સોવીનીયર શોપના સંચાલનમાં રાજકોટ મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાની પહોચેં કે અન્ય કોઈ ગેરરીતિ થતી જણાશે તો કોન્ટ્રાકટ કોઈપણ કારણ દર્શાવ્યા વગર રદ કરવામાં આવશે અને કોર્પોરેશનના કામ માટે કોન્ટ્રાકટરને બ્લેક લીસ્ટ કરવામાં આવશે.
35. ભાગીદારીમાં ટેન્ડર ભરનારે ભાગીદારીનું સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જો તેઓનું ટેન્ડર મંજુર થાય તો ભાગીદારો અથવા કોઈપણ એક ભાગીદારને કમિશ્નરશ્રી જવાબદાર ગણી શકશે. તે સામે કોઈપણ કાર્યવાહી કરી શકશે.
36. સોવીનીયર શોપમાં કામગીરી દરમ્યાન કોઈ કર્મચારી કે મુલાકાતીને અકસ્માત, ઈજા કે મૃત્યુ થશે તો તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. જે માટે રાજકોટ મહાનગરપાલિકાની જવાબદારી રહેશે નહી.
37. મુદત પુરી થતા સોવીનીયર શોપનો કબજો ઝૂ સુપ્રી.શ્રીને સોંપવાનો રહેશે. જો કબજો સોંપવામાં વિલંબ થશે તો આ વધારાનાં સમય માટેનું ભાડુ કમિશ્નરશ્રી, રાજકોટ મહાનગરપાલિકા નકકી કરે તે મુજબનું વસુલ કરવામાં આવશે. આ વસુલાતની રકમ ભરવામાં જો કોન્ટ્રાકટર તરફથી નિષ્ફળતા દાખવવામાં આવશે તો તેમના તરફથી ભરપાઈ કરેલ સીકયુરીટી ડીપોઝીટની રકમમાંથી અથવા રેવન્યુ રાહે વસુલ કરવામાં આવશે.
38. ઈજારાની કોઈપણ એક શરતનાં ભંગ બદલ દંડ રૂ.૫૦૦/- (અંકે રૂપિયા પાંચસો પુરા) જવાબદાર અધિકારીશ્રી (નાયબ કમિશ્નરશ્રી) કરી શકશે અને તે પ્રમાણેની રકમ કોન્ટ્રાક્ટરશ્રીએ રામનપામાં ભરપાઈ કરવાની રહેશે અથવા જરૂરિયાત જણાયે શરત ભંગ બદલ કોન્ટ્રાકટરની ડીપોઝીટની રકમ જપ્ત કરી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે. આ બાબતે કમિશ્નનરશ્રી, રાજકોટ મહાનગરપાલિકાનો નિર્ણય આખરી અને બંધનકર્તા રહેશે.
39. કોન્ટ્રાક્ટરે રાજકોટ મહાનગરપાલિકા/સરકારશ્રીનાં વખતોવખતનાં તમામ લાગુ પડતા કરવેરા પરભારે ભરી તેની પહોંચ ઝૂ કચેરી ખાતે નિયમીત જમા કરાવવાની રહેશે.

❖ ખાસ શરતો :-

1. સોવીનીયર શોપ ફકત રાજકોટ પ્રાણીસંગ્રહાલયનાં કામકાજ સમય દરમ્યાન જ ખુલ્લુ રાખી શકાશે. (સવારે ૦૯.૦૦ થી સાંજનાં ૦૭.૦૦, દર શુક્રવારે બંધ રહેશે.) સોવીનીયર શોપ સ્થળે કોઈપણ વ્યકિત રાત્રિ રોકાણ કરી શકશે નહિ.
2. બીડર અપસેટ કિંમત રૂ.૯૫ ,૦૦૦/- અંકેરૂપિયા પંચાણુ હજારથી ઓછી રકમ ભરી શકશે નહી. અપસેટ કિંમતથી ઓછી રકમનાં ભાવનાં ટેન્ડર માન્ય રહેશે નહી.
3. સોવીનીયર શોપની અંદરનું ફર્નિચર, સાધન સામગ્રી અને કોન્ટ્રાકટરશ્રી દ્વારા જે સાધન સામગ્રી, ફર્નિચર વસાવવામાં આવે તે તમામની સલામતી/ સાચવણીની તમામ જવાબદારી જે-તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે.
4. છાપેલ કિંમત ધરાવતી ચીજ વસ્તુઓ છાપેલ કિંમતથી વધુ ભાવે વેચી શકાશે નહી. તેમજ કિંમત છાપેલ ન હોય તેવી ચીજ વસ્તુઓ યોગ્ય બજારભાવે વેચવાની રહેશે.
5. રેટ કોન્ટ્રાકટ કરનારે સોવીનીયર શોપમાં વેચવાની થતી તમામ પ્રકારની ચીજવસ્તુઓનું લીસ્ટ બનાવી પ્રથમ ઝૂ કચેરી ખાતે મંજુર કરાવી વેંચાણ કરવાનુ રહેશે. ઝૂ કચેરી દ્વારા મનાઈ ફરમાવવામાં આવેલ ચીજવસ્તુઓનું વેંચાણ કરી શકશે નહિ. સોવીનીયર શોપમાં વેંચાણ કરવામાં આવતી તમામ ચીજવસ્તુઓનું ભાવપત્રકનું બોર્ડ બનાવી પ્રદર્શિત કરવાનું રહેશે.
6. કોન્ટ્રાકટર સોવેનીયર શોપની અંદર વન્યપ્રાણીઓ અને વન્યપ્રાણી સંરક્ષણનો સંદેશ અને રાજકોટ પ્રાણીઉદ્યાનનો લોગો/નામ દર્શાવતા કી-ચૈન, ટોપી, ટી-શર્ટ, પેન્ટ, જેકેટ, પોસ્ટર્સ, ફોટોગ્રાફ્સ, પેન, કાચનાં ગ્લાસ(મગ) વિગેરે ચીજ વસ્તુઓ અને ગુજરાત રાજ્ય વનવિકાસ નિગમ લી. દ્વારા ઉત્પાદિત મધ તથા આયુર્વેદિક ચીજ વસ્તુનું તેમજ હેન્ડીક્રાફ્ટ ચીજવસ્તુઓનું વેંચાણ કરી શકશે. સોવેનીયર શોપમાં ખાણીપીણીની કોઇ વસ્તુનું વેચાણ થઇ શકશે નહી.
7. પાર્કમાં ધુમ્રપાન કરવાની સખ્ત મનાઈ હોય, ધુમ્રપાન થઈ શકે તેવી કોઈપણ વસ્તુઓનું વેચાણ કરી શકાશે નહિ. ઉપરાંત, તમાકુ, પાન, માવા વિગેરેનું વેચાણ થઇ શકશે નહી.

8. કોન્ટ્રાકટર દ્વારા વેંચવામાં આવતી ચીજવસ્તુ નિયત તથા ઉચ્ચ ગુણવતાની હોવી જોઈએ તથા સોવેનીયર શોપમાં વેચાણ અર્થે રાખવામાં આવેલ આયુર્વેદિક દવા , મધ કે અન્ય ખાદ્ય ચીજ વસ્તુઓથી મુલાકાતી/ગ્રાહકને કોઈપણ પ્રકારનું નુકસાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાક્ટરની જ રહેશે.
9. સોવીનીયર શોપ ચલાવવા કે ખાદ્યપદાર્થ વેચવા સંબંધે જે કોઈ લાયસન્સ કે પરવાના મેળવવાનાં થાય તે મેળવવાની કે રીન્યુ કરવાની જવાબદારી જે તે કોન્ટ્રાકટરશ્રીની રહેશે.
10. સોવીનીયર શોપ નિયમિત દરરોજ ખુલ્લું રાખવાનું રહેશે. ઝૂ માં મુલાકાતીઓ માટે રજાનાં દિવસો સિવાય સોવીનીયર શોપમાં રજા રાખી શકાશે નહી. મંજુરી વગર સોવીનીયર શોપ બંધ રાખવામાં આવ્યેથી પ્રતિદિન રૂ.૧૦૦/- લેખે ઝૂ સુપ્રિ.શ્રી દંડ વસુલી શકશે.
11. સોવીનીયર શોપમાં કામ કરતા કર્મચારી કે સંચાલકે મુલાકાતી સાથે વિવેકપૂર્ણ અને યોગ્ય રીતે વર્તન કરવાનું રહેશે.
12. સોવીનીયર શોપની બહાર કોઈપણ ખુરશી, ટેબલ કે સામાન રાખવા દેવામાં આવશે નહિ, માત્ર સોવીનીયર શોપ પુરતો જ ઉપયોગ કરવાનો અધિકાર તેમણે ભોગવવાનો રહેશે. સોવીનીયર શોપ દરરોજ સ્વચ્છ રાખવાનુ રહેશે તથા સોવીનીયર શોપની આસપાસ ગંદકી કે કચરો ન થાય તેની તકેદારી કોન્ટ્રાકટરશ્રીએ રાખવાની રહેશે અને સોવીનીયર શોપ અને આજુબાજુની સફાઈ કોન્ટ્રાકટરે સ્વખર્ચે કરાવવાની રહેશે. જો ગંદકી કે કચરો પડેલો જણાશે તો ઝૂસુપ્રી.શ્રી દરરોજનાં રૂ.૧૦૦/-અંકે રૂપિયા એકસો પુરાનો દંડ વસુલ કરી શકશે.
13. આ કામનાં કોર્ટ કાનુની વિવાદનું ન્યાયક્ષેત્ર રાજકોટ જ રહેશે.

ઉપર પ્રમાણેની તમામ સામાન્ય અને ખાસ શરતો અમોએ વાંચી, વંચાવી તથા સમજી આ ઈજારો રાખવા માટે ભાવ ભરીએ છીએ, ઉપરોકત તમામ શરતો મને અને અમારા વંશવારસો/ભાગીદારોને મંજુર છે. જેના ખરાપણાની ખાત્રી બદલ મેં નીચે સહી/અંગુઠાનું નિશાન કરી આપેલ છે.

........................
ટેન્ડરરની સહી.

**સાક્ષી:-**

| | |
|---|---|
| **૧.** નામ...................................... | ૨.નામ ............................................ |
| પુરૂ સરનામુ................................ | પુરૂ સરનામુ .................................... |
| .................................................. | ........................................................ |
| .................................................. | ........................................................ |
| .................................................. | ........................................................ |

**લાયકાતની વિગત:-**

૧. ટેન્ડર ફી પેટે રૂ.૭૫૦/- (અંકેરૂપિયા સાતસો પચાસ રૂપિયા પુરા)નો નેશનલાઇઝડ બેંકનો ડી.ડી./ચેક "રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન" (Payable at Rajkot)નાં નામનો ટેન્ડરનાં ટેક્નીકલ બીડ સાથે સામેલ રાખવાનો રહેશે.

૨. અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂ.૨૮૫૦/- (અંકેરૂપિયા બે હજાર આંઠસો પચાસ રૂપિયા પુરા)નો નેશનલાઇઝડ બેંકનો ડી.ડી./ચેક "રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન" ( Payable at Rajkot)નાં નામનો ટેન્ડરનાં ટેક્નીકલ બીડ સાથે સામેલ રાખવાનો રહેશે.

૩. એજન્સીનો સરકારી, અર્ધસરકારી, કે ખાનગી સંસ્થાઓમાં સોવીનીયર શોપ / ગ્રામ હટ ચલાવવા અંગેનાં ઓછામાં ઓછા ૦૩ (ત્રણ) વર્ષનાં અનુભવનું પ્રમાણપત્ર

૪. ભાગીદારીનાં કિસ્સામાં ભાગીદારીનાં કરારની નકલ (જો લાગુ પડે તો)

૫. ઓછામાં ઓછા રૂ.૯૫,૦૦૦/-ની બેંક સોલવન્સી સામેલ રાખવાની રહેશે. જે એક વર્ષથી જુની હોવી જોઇએ નહી.

૬. ટેન્ડર ભરનારે છેલ્લા સાત નાણાકીય વર્ષમાં ઓછામાં ઓછુ રૂ.૯૫,૦૦૦/-નું એવરેજ વાર્ષિક ટર્નઓવરનું પ્રમાણપત્ર ટેન્ડર સાથે સામેલ રાખવાનું રહેશે અથવા સી.એ.નું પ્રમાણપત્ર સામેલ રાખવાનું રહેશે.

sd
નાયબ કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

## <u>બીડરના અનુભવની વિગત</u>

અમો બીડર શ્રી.........................................................રહેવાસી.........................નીચે મુજબ સોવીનીયર શોપ/ ગ્રામ હટ સંચાલનનો અનુભવ ધરાવીએ છીએ.

| ક્રમ | સોવીનીયર શોપ/ગ્રામ હટનું સ્થળ તથા સરનામું | સંચાલનનો સમય | અનુભવનું પ્રમાણપત્ર નંબર/તારીખ |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |
| ૪ | | | |
| ૫ | | | |

ઉપરોકત અનુભવના આધાર તરીકે ટેન્ડર સાથે અનુભવનાં પ્રમાણપત્રની ઝેરોક્ષ નકલ સામેલ છે.

**બીડરની સહી**

# <u>રાજકોટ મહાનગરપાલિકા</u>

## પ્રાણીસંગ્રહાલય શાખા

### <u>રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે સોવેનીયર શોપ સંચાલન માટેનું પ્રાઇઝ બીડ (પાંચમો પ્રયત્ન)</u>

હું/અમો નીચે સહી કરનાર શ્રી.............................................................. .............. રાજકોટ મહાનગરપાલિકા સંચાલિત રાજકોટ પ્રાણીઉદ્યાન ખાતે સોવીનીયર શોપ નાં સંચાલનની કામગીરી માટે બે વર્ષ માટે રેટ કોન્ટ્રાકટ મેળવવા જણાવેલ તમામ શરતો અને કરવા જોગ કામગીરી વાંચી છે અને તે તમામ શરતો અમોને અને અમારા વંશવારસોને/ ભાગીદારોને કબુલ મંજુર છે. જણાવેલ શરતોને આધિન રહી અમો નીચે દર્શાવેલ ભાવથી બે વર્ષ માટે રેટ કોન્ટ્રાકટ કરવા માંગીએ છીએ.

| સોવેનીયર શોપની વિગત | ટેન્ડરમાં દર્શાવેલ વાર્ષિક ભાડુ રૂ. | વાર્ષિક ભાવ રકમમાં રૂપિયા |
|---|---|---|
| લંબાઇ- ૦૫ મી.<br>પહોળાઇ- ૦૪ મી.<br>દરવાજાની સંખ્યા- ૦૨<br>કાચનું ડીસ્પ્લે-૦૧ | રૂ.૯૫,૦૦૦/-<br>અંકેરૂપિયા પંચાણુ હજાર પુરા | **-: અંકમાં :-**<br>રૂ................................/-<br>**-: શબ્દોમાં :-**<br>.................................................... |

નોંધ:- બીડર અપસેટ કિંમત રૂ.૯૫ ,૦૦૦/- અંકેરૂપિયા પંચાણુ હજારથી ઓછી રકમ ભરી શકશે નહી. અપસેટ કિંમતથી ઓછી રકમનાં ભાવનાં ટેન્ડર માન્ય રહેશે નહી.

**બીડરની સહી:.............................................**

**બીડરનું નામ:.............................................**

sd

**નાયબ કમિશ્નર (પૂર્વઝોન)**
**રાજકોટ મહાનગરપાલિકા**